

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

અબ તો એક ही આગ ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 41 ■ તા. 18-10-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

ટ્રમ્પે રશિયન તેલ ખરીદવા પર લાગેલા કડક પ્રતિબંધ હટાવ્યા

વોશિંગ્ટન, તા.૧૭

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદનારા દેશો પર ભારે ટેરિફ લાદવાના નવા નિયમોમાંથી હાલ પૂરતી છૂટ આપી દીધી છે. આનાથી ભારત અને ચીન જેવા દેશો પર તોળાઈ રહેલો ૧૦૦% સુધીના ટેરિફનો ખતરો ટળી ગયો છે. ટ્રમ્પે આ નિર્ણય અમેરિકાના રાષ્ટ્રીય હિતોને ટાંકીને લીધો છે. જોકે, આનો અર્થ એ નથી કે રશિયા પર લાદવામાં આવેલા તમામ અમેરિકી પ્રતિબંધો હટાવી લેવામાં આવ્યા છે. ટ્રમ્પે ભવિષ્યમાં જરૂર પડ્યે આ નિયમોને ફરીથી લાગુ કરવાનો અધિકાર પણ પોતાની પાસે અનામત રાખ્યો છે.ટ્રમ્પે શુક્રવારે સાંજે જારી કરેલા એક એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં 'લિન્ડસે ઓ ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ, ૨૦૨૬' ની કેટલીક જોગવાઈઓમાંથી છૂટ આપવાની જાહેરાત કરી હતી. આ કાયદા પર ટ્રમ્પે ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ હસ્તાક્ષર કર્યા હતા.આ કાયદા હેઠળ રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદનારા કેટલાક દેશો પર ૧૦૦% સુધી ટેરિફ લાદવાની જોગવાઈ છે. સાથે જ, રશિયાથી આવતા સામાન પર ૫૦૦% સુધી ચાર્જ લગાવવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ નિર્ણય ખાસ કરીને રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદનારા મોટા દેશો અને રશિયન તેલ પર લાગેલા પ્રતિબંધોથી બચવામાં મદદ કરનારાઓને નિશાન બનાવીને લેવામાં આવ્યો હતો. ભારત અને ચીન જેવા મોટા ખરીદદારો પર પણ આની અસર પડી શકતી હતી. હવે ટ્રમ્પે સંબંધિત જોગવાઈઓમાંથી છૂટ આપી દીધી છે, જેનાથી હાલ પૂરતો આ નવા ટેરિફનો ખતરો ટળી ગયો છે.જોકે, આ રાહતનો અર્થ એ નથી કે તમામ જૂના પ્રતિબંધો પણ સમાપ્ત કરી દેવામાં આવ્યા છે. રશિયન સરકારની કેટલીક પ્રવૃત્તિઓને લઈને અગાઉ જારી કરાયેલા અમેરિકી આદેશો હેઠળ લાદવામાં આવેલા પ્રતિબંધો પહેલાંની જેમ જ લાગુ રહેશે.ટેરિફ છૂટ આપવા છતાં અમેરિકન વહીવટીતંત્ર રશિયન તેલ અને ગેસની ખરીદી પર નજર રાખશે. ટ્રમ્પે યુનાઇટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવને વિદેશ મંત્રાલય, નાણાં મંત્રાલય અને ઊર્જા મંત્રાલય સાથે મળીને આના પર દેખરેખ રાખવાનો નિર્દેશ આપ્યો છે. અધિકારીઓએ આવી કોઈપણ પરિસ્થિતિની માહિતી રાષ્ટ્રપતિને આપવાની રહેશે, જેમાં નવા પગલાં ભરવાની કે વર્તમાન છૂટમાં ફેરફાર કરવાની જરૂર પડી શકે.આ કાયદામાં રશિયન ફ્લુ ઓઈલ અને ગેસના પાંચ સૌથી મોટા ખરીદદારો પર પણ ટેરિફ લાદવાની જોગવાઈ છે, જો



તેઓ ૧૮ ઑક્ટોબર ૨૦૨૬ કે ત્યારબાદ જાણીજોઈને નવી ખરીદી કરે છે. આ ઉપરાંત, રશિયા પર લાદવામાં આવેલા તેલ પ્રતિબંધોથી બચવામાં મદદ કરનારા પાંચ મુખ્ય દેશો અથવા પક્ષોને નિશાન બનાવવાની જોગવાઈ પણ છે. આ નિયમો પર આદેશમાં અપાયેલી છૂટ અને અપવાદો લાગુ પડશે.ટ્રમ્પનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે, જ્યારે રશિયાના ઊર્જા વ્યવસાય પર અમેરિકી નીતિ અને ઉંધણની ઊંચી કિંમતોને લઈને વહીવટીતંત્ર પર દબાણ છે. કેટલાક અમેરિકી સાંસદોનું માનવું છે કે રશિયન તેલની ખરીદી પર રાહત મળવાથી યુક્રેન સામે યુદ્ધ લડી રહેલા રશિયાને કમાણી ચાલુ રાખવામાં મદદ મળી શકે છે.

અનેક યુઝર્સે સોશિયલ મીડિયા પર માહિતી આપી

મેટાના સ્માર્ટ ગ્લાસિસ સ્લીપ મોડમાં પણ રેકોર્ડિંગ કરતા હોવાની ફરિયાદો

એઆઈ આસિસ્ટન્ટ કોઈપણ સમયે એક્ટિવ થઈ જાય છે યુઝર્સની વાતચીતના ઓડિયો રેકોર્ડિંગ મળી આવ્યા

કેલિફોર્નિયા, તા.૧૭

માર્ક ઝકરબર્ગની કંપની મેટાએ લોન્ચ કરેલા મેટા સ્માર્ટ ગ્લાસિસ યુઝરની જાણ વિના વાતચીત રેકોર્ડ કરતા હોવાની ફરિયાદો સામે આવી છે. મેટાના સ્માર્ટ ગ્લાસિસના કેટલાક યુઝર્સે દાવો કર્યો છે કે, હે મેટાપબોલ્યા વગર એઆઈ આસિસ્ટન્ટ એક્ટિવ થઈ જાય છે. તેમની સામાન્ય વાતચીતના ઓડિયો રેકોર્ડિંગ અને ટ્રાન્સક્રિપ્ટ મેટા એઆઈ એપમાં જોવા મળ્યા હતા.એક યુઝરે સોશિયલ મીડિયા સાઈટ પર દાવો કર્યો હતો કે, મેટા સ્માર્ટ ગ્લાસિસના સેકન્ડ અને થર્ડ જનરેશનના મોડલમાં રેકોર્ડિંગની સમસ્યા જોવા મળી હતી.

ઘણા યુઝર્સની વાતચીત ટ્રાન્સક્રિપ્ટ એપની હિસ્ટ્રીમાં જોવા મળી હતી. ઘણા યુઝર્સે એઆઈ આસિસ્ટન્ટ એક્ટિવ કર્યા વિના એક્ટિવ રહેતું હોવાની ફરિયાદો કરી હતી.ઉલ્લેખનીય છે કે, મેટાના સ્માર્ટ ગ્લાસિસમાં કેમેરા, માઈક્રોફોન અને એઆઈ આસિસ્ટન્ટની સુવિધા છે. તેના યુઝર્સ હાથનો ઉપયોગ કર્યા વિના ફોટા-વીડિયો લઈ શકે છે અને વોઈઝ કમાન્ડથી એઆઈ સાથે વાતચીત કરી શકે છે. આ સર્વિસ ઉપયોગી હોવા છતાં તે ગમે તે સમયે એક્ટિવ થતી હોવાથી યુઝર્સની પ્રાઈવસી જોખમમાં મૂકાઈ છે.


યુક્રેનના ડ્રોન હુમલાના લીધે રશિયાના એરપોર્ટો બંધ કરવા પડયા

રશિયા સાથેનું યુદ્ધ યુક્રેનને ૧૭૪ અબજ ડોલરમાં પડશેઃ ઝેલેન્સ્કી

રશિયાના યુક્રેન પરના હુમલામાં નાગરિકોની જાનહાનિમાં ગયા વર્ષની તુલનાએ ૮૫ ટકાનો નોંધપાત્ર વધારો થયો

કીવ, તા.૧૭

રશિયા સાથેનું યુદ્ધ યુક્રેનને આગામી વર્ષે ૧૭૪ અબજ ડોલરમાં પડશે, આ શબ્દો બીજા કોઈના નહીં પરંતુ યુદ્ધગ્રસ્ત યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીના છે. તેમાથી તેમના દેશને યુરોપ પાસેથી કમસેકમ ૮૦ અબજ ડોલરની તાત્કાલિક મદદની જરૂર છે. હવે યુક્રેનને મદદ કઈ રીતે કરવી તેને લઈને પણ આખુ યુરોપ વિચારી રહ્યુ છે.નાટો દેશની સરહદમાં બ્લેક સીમાં હુમલા થતાં ખળભળાટ મચી ગયો છે. નાટો દેશોને લાગી રહ્યુ છે કે યુક્રેનને સમર્થન આપવા બદલ રશિયા તેમને સજા કરવા માંગે છે.લોકો પૂછી રહ્યા છે કે એક અંતવિહીન યુદ્ધમાં શા માટે યુરોપીયન દેશો તેમનો મૂડી ઠાલવી રહ્યા છે અને તેમની પ્રજાને આવશ્યક સેવાઓથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. યુક્રેનના લીધે જ યુરોપ રશિયાના આક્રમણથી બચ્યું છે તેવી ઝેલેન્સ્કીની દલીલ હવે યુરોપના કેટલાય પ્રજાજનો સ્વીકારવા તૈયાર નથી. આજે યુરોપમાં મોંઘવારી માઝા મૂકી રહી છે તે સંજોગોમાં ઝેલેન્સ્કીને મદદ કેટલી હદ સુધી જારી રાખવી તે યુરોપ માટે ચિંતાનો વિષય બન્યો છે. ઝેલેન્સ્કીએ યુરોપની આ જ ચિંતાનું



પ્રતિબિંબ પાડતા જણાવ્યું હતું કે હું તો આજે પણ યુદ્ધ ખતમ કરવા તૈયાર છું, બસ યુરોપ તેમના ભાગીદાર અમેરિકાને કહે કે તે પુતિન પર દબાણ લાવીને યુદ્ધ ખતમ કરાવે. મારા પર દબાણ ન લાવે. અમે આક્રમણખોર નથી.આ ઉપરાંત ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે સ્ટારલિંકે તેની સ્પીડ વધારી છે, પરંતુ તે હજી પણ પહેલા જેટલી નથી, પરંતુ પહેલા જેટલી કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.બ્લેક સીમાં આ મહિને કુલ સાત કાર્ગો જહાજ પર ડ્રોન હુમલા થયા છે, આ જહાજ નાટોના સભ્ય દેશ રોમાનિયા અને બલ્ગેરિયાની દરિયાઈ સરહદમાં હતા. આના પગલે નાટોના કેટલાક સભ્યોને આશ્ચર્ય થઈ રહ્યુ છે કે રશિયન પ્રમુખ પુતિન યુક્રેનને યુદ્ધમાં મદદ કરનારા નાટો દેશોને સજા કરવા ઈચ્છે છે કે શું. આ હુમલા બંને દેશના એકસ્લુઝિવ ઈકોનોમિક ઝોનમાં થતાં વૈશ્વિક શિપિંગ રુટ પર પાછું જોખમ સર્જાયુ છે અને તેમા બેના મોત થયા હતા અને હજી પણ ૨૫ જણા ગુમ છે.બીજી બાજુએ રશિયાએ એકસાથે યુક્રેનના નવ પ્રાંત પર હુમલો કર્યો છે. આ હુમલામાં સંખ્યાબંધ ઘરોને નુકસાન થયું છે. સંખ્યાબંધ લોકો ઈજા પામ્યા છે. છેલ્લા કેટલાક સમયથી રશિયાના હુમલામાં નાગરિકોના મોતની સંખ્યામાં વધારો થયો છે. ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનો આ વર્ષે નાગરિકોના મોતની સંખ્યામાં ૮૫ ટકા વધારો થયો છે.સપ્ટેમ્બરમાં રશિયાના હુમલામાં કમસેકમ ૩૨૮ યુક્રેનિયન નાગરિકોના મોત થયા હતા અને ૨,૧૦૫ને ઈજા થઈ હતી. રશિયાના તીવ્ર બનેલા હુમલામાં બાળકો સહિત નાગરિકોના હુમલામાં વધારો થયો છે. ઓક્ટોબરના પ્રથમ બે પખવાડિયાના અંતે જ સંખ્યાબંધ યુક્રેનિયન નાગરિકો રશિયન હુમલામાં માર્યા ગયા છે.યુક્રેને પણ રશિયાને વળતો જવાબ આપતા સ્થાનિક સ્તરે બનાવેલા લાંબી અંતરના ડ્રોન વડે હુમલો કરતા રશિયાએ મોસ્કોનું એરપોર્ટ પર અસર પડી હતી. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેઓએ યુક્રેને રશિયાના વિવિધ પ્રાંતો પર કરેલા ડ્રોન એટેકમાં કુલ ૬૪૪ ડ્રોનને આંતર્યા હતા. ડ્રોન એટેકના લીધે મોસ્કોના એરપોર્ટ પર ૨૦૦થી વધુ ફ્લાઈટ મોડી પડી હતી. સેન્ટ પીટર્સબર્ગ એરપોર્ટ પર ૪૬ ફ્લાઈટ રદ કરવી પડી હતી.

ચેટજીપીટી બાળકો-કિશોરોને ગેરમાર્ગે દોરતું હોવાનો આરોપ

ઓપનએઆઈ બાળકો માટે ખતરનાક, અમેરિકાના આઠ રાજ્યોએ કેસ કર્યો

વૉશિંગ્ટન, તા.૧૭

ઓપનએઆઈના ચેટબોટ ચેટજીપીટીના કારણે બાળકો અને કિશોરો આપઘાત માટે ઉશ્કેરાતા હોવાના આરોપ સાથે અમેરિકાના આઠ રાજ્યોએ કંપની સામે કોર્ટમાં દાવો માંડ્યો છે. અરજીમાં કહેવાયું હતું કે બાળકો-કિશોરોના વિશ્વાસુ સાથી હોવાનો ભ્રમ પેદા કરીને ચેટજીપીટી ગેરમાર્ગે દોરે છે અને તેની સલાહ માનવા સમજાવે છે. માણસો સાથે ખોટું બોલવાની સાથે સાથે ચેટજીપીટી કંપનીની સિસ્ટમને હેક કરવાનું કામ પણ કરે છે.ઓપનએઆઈના ચેટબોટ ચેટજીપીટી સામે અમેરિકાના આઠ રાજ્યો કોર્ટમાં ગયા છે. અમેરિકાના આઠ રાજ્યો - લોવા, એરિઝોના,



અર્કાન્સેસ, ઈડાહો, કેન્સાસ, મોન્ટાના, નેબ્રાસ્કા અને પશ્ચિમ વર્જિનિયાએ રાજ્યના ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ કોર્ટમાં અરજી કરી છે કે ઓપનએઆઈના ચેટબોટ ચેટજીપીટીથી બાળકો-કિશોરોમાં ભ્રમ પેદા થાય છે. ચેટજીપીટી બાળકોને દવાની ખોટી માહિતી આપવાથી લઈને ન કરવાના કામો કરવા માટે ઉશ્કેરે છે. આપઘાત કરવા માટે ઉત્તેજન આપે છે. બાળકો-ટીનેજર્સ સાથે ચેટજીપીટી એવી રીતે વર્તે છે કે તે એનો વિશ્વાસુ સાથી છે. સાથી કે મિત્રનો સ્વાંગ રચીને તે નકારાત્મકતા ફેલાવે છે.આ રાજ્યોના એટર્નીએ કોર્ટમાં જુદી જુદી અરજી કરી હતી ને પછી હવે તમામ રાજ્યો સંયુક્ત રીતે કંપની સામે કેસ લડશે તેવી જાહેરાત કરી છે. આ તમામના સંયુક્ત નિવેદનમાં કહેવાયું હતું કે અત્યાર સુધીમાં એઆઈ કંપની સામે સંયુક્ત રીતે નોંધપાત્ર પગલાં લેવામાં આવ્યા હોય એવું કાયદાની રીતે પહેલી વખત બન્યું છે.

દરેક રાજ્યની અરજીમાં ટીનેજર્સ અને બાળકો ઉપરાંત તમામ યુઝર્સના સંદર્ભમાં જુદી જુદી બાબતોની જાણકારી આપવામાં આવી હતી. સંયુક્ત અરજીમાં એ તમામનો સમાવેશ કરીને કંપની સામે દાવો માંડવામાં આવ્યો છે. ઓપનએઆઈએ એક નિવેદનમાં બચાવ કરતા કહ્યું હતું કે ચેટજીપીટીમાં બાળકોના રક્ષણ માટે અલગથી ફીચર છે અને હજુય તેને વધારે અસરકારક બનાવવાની દિશામાં કામ ચાલી રહ્યું છે. કંપનીએ એવું પણ કહ્યું હતું કે જે મોડલથી ગરબડો થઈ રહી છે તેના રિવ્યૂની પ્રોસેસ પણ ચાલી રહી છે.

બંધારણીય સુધારા માટે કુલ ૩૬૦ સાંસદોના સમર્થનની જરૂર

મહિલા અનામત-સીમાંકન બિલ માટે વિશેષ સત્રની તૈયારી

બિલ પસાર કરવા ટીએમસી, શિવસેનામાંથી આવેલા ૨૬, એનસીપીના આઠ સાંસદોનો ટેકો મળવાની સરકારને આશા

નવી દિલ્હી, તા.૧૭

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને એસઆઈઆરના વિરોધ વચ્ચે કેન્દ્ર સરકાર આ મહિનાના અંત સુધીમાં સંસદમાં વિશેષ સત્ર બોલાવી શકે છે. મહિલા અનામત અને લોકસભાની બેઠકોના સીમાંકનના બિલોને લઈને સરકાર આ વિશેષ સત્ર બોલાવવાની તૈયારીમાં છે. કેમ કે સરકારને એવો વિશ્વાસ છે કે સંસદમાં તેની પાસે બિલ પસાર કરાય એટલી બહુમત થઈ જશે.આ પહેલા બજેટ સત્ર દરમિયાન ૧૭મી એપ્રીલના લોકસભા અને વિધાનસભાઓમાં મહિલા અનામત લાગુ કરવા તેમજ તેની સાથે જ જોડાયેલ લોકસભાની બેઠકોના સિમાંકન માટેના બિલો પસાર નહોતી કરાવી શકી. કેમ કે તે સમયે સરકાર પાસે સંસદમાં બહુમતનો આંકડો નહોતો. બંધારણીય સુધારા માટે સંસદમાં બહુમતની જરૂર હોય છે. હાલ આ બિલ પાસ કરાવવા માટે સરકારને ૩૬૦ બેઠકોની જરૂર છે. લોકસભામાં હાલ ૫૪૦ બેઠકો છે. તૃણમુલ કોંગ્રેસ તેમજ શિવસેના (યુબીટી)ના સાંસદોએ સત્તાપક્ષમાં સામેલ થઈને સંસદના આંકડામાં મોટો ફેરફાર કરી નાખ્યો છે.વર્તમાન એનડીએ પાસે સંસદમાં બહુમત તો છે પરંતુ આ બિલ પસાર કરવા માટે જોઈએ એટલા આંકડા નથી. તાજેતરમાં જ તૃણમુલ કોંગ્રેસના ૨૦ અને શિવસેનાના છ સાંસદો સત્તાપક્ષમાં ભળી ગયા હતા. એવામાં સરકારને હાલ શરદ પવારના પક્ષ એનસીપી પાસેથી પણ ટેકો મળવાની આશા છે જેના આઠ સાંસદો છે. બીજી તરફ કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ મુદ્દે ફરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે.

ચોમાસુ સત્રથી અત્યાર સુધી ખડગે મોદીને ચોથી વખત પત્ર લખી ચુક્યા છે. ખડગેએ કહ્યું છે કે ચોમાસુ સત્ર સ્થગિત કરવામાં આવ્યું ત્યારથી લઈને અત્યાર સુધી ૬૪ દિવસ પસાર થઈ ચુક્યા છે. હું ચોથી વખત સરકારને કહેવા માગુ છું કે કોઈ પણ નિર્ણય લેતા પહેલા સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવે. ફરી એક વખત બિલ પર બુલડોઝર ફેરવવાનું કામ ના કરશો. સર્વપક્ષીય બેઠક બોલાવો અને લોકસભાની બેઠકોના સિમાંકન પર ચર્ચા કરો.

એઆઈ ટેકનોલોજીમાં મોનોપોલી સર્જવાનો ચીનનો વ્યૂહ

ચીન એઆઈ, સોલર, બાયોટેક જેવી ૧૪ ટેકનોલોજીની નિકાસ પર પ્રતિબંધ મૂકશે

બેઈજિંગ, તા.૧૭

ચીનની સરકારે એક નવો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનીજોની નિકાસ પર પ્રતિબંધ મૂક્યા પછી હવે ચીન એઆઈ, બાયોટેકનોલોજી, સોલર પાવર ટેકનોલોજી જેવા મહત્ત્વના સેક્ટરની પ્રોડક્ટની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનું વિચારે છે. ચીન આ પ્રકારની ટેકનોલોજીની નિકાસ અટકાવીને મોનોપોલી સર્જવા માંગે છે.ચીનના વેપાર અને વિજ્ઞાાન વિભાગે સંયુક્ત રીતે એક ડ્રાફ્ટ રજૂ કર્યો છે. ચીને એમાં એવો પ્રસ્તાવ મૂક્યો છે કે એઆઈ, સોલર પાવર, બાયોટેકનોલોજી, જીન થેરપી, સ્ટેમ સેલ સહિતની જે મહત્ત્વની ટેકનોલોજી છે તે દેશના હિતમાં જ રહે તે માટે નિકાસ અટકાવવી જોઈએ. તેનાથી લાંબાગાળે દેશને ફાયદો થશે. ચીનની સરકાર વિશ્વમાં એવું બતાવવા નથી માંગતી કે આ નિર્ણય સરકારે અચાનક લઈ લીધો છે. ડિપ્લોમેટિક બાબતમાં પ્રજામતથી નિર્ણય લેવાયો હોવાનું કહી શકાય તે માટે ચીને આગામી એક માસ માટે લોકોનો ઓપિનિયન મંગાવ્યો છે. એ ઓપિનિયનના આધારે ચીન ૧૪ સેક્ટર્સની કુલ ૨૬ ટેકનોલોજિકલ પ્રોડક્ટની નિકાસ બંધ કરવા ધારે છે.આવતા વર્ષે જાન્યુઆરીથી આ નિકાસ અટકવવાની ચીનની ગણતરી છે. અગાઉ ચીને દુર્લભ ખનીજો કે જેની મહત્ત્વની ભૂમિકા છે તેની નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. ૨૨ અર્થ મિનરલ્સમાં ચીનની મોનોપોલી છે. જો ચીન એ નિકાસ અટકાવી દે તો ઘણા દેશોની ટેકનોલોજીની મોટી કંપનીઓને પ્રોડક્ટની બનાવટમાં અસર થાય. ચીન જે નવો પ્રતિબંધ મૂકવા ધારે છે તેનાથી ૨૬ પ્રોડક્ટ કે જેના વગર ચાલતું નથી એના ઉત્પાદનમાં ચીનની જ મોનોપોલી સર્જાી જશે. નવા પ્રતિબંધમાં ચીન એઆઈ ચીપથી માંડીને ફ્લેશ મેમરી જેવી પ્રોડક્ટ પર પ્રતિબંધ મૂકવા માંગે છે. ચીનના આ પ્રતિબંધની સૌથી વધુ અસર અમેરિકન અને ભારતીય કંપનીઓને થાય એવી શક્યતા છે.

18-10-2026_41 Jan Fariyad_New_P-1

અમદાવાદમાં સફેદ પરિંદેના આયોજકો સામે ખેલૈયાઓમાં આક્રોશ જોવા મળ્યો

અમદાવાદ, તા.૧૭

અમદાવાદમાં સફેદ પરિંદેના આયોજકો ફરી વિવાદમાં આવ્યા છે. રોજના પ્રતિ વ્યક્તિ રૂ.૧૫ હજાર સુધીના પાસ વેચીને **VVIP** ટ્રીટમેન્ટ આપવાના દાવા કરનારા આયોજકો સામે ખેલૈયાઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પાસ ખરીદનારા કેટલાક ખેલૈયાઓએ નાસ્તા-પાણીની વ્યવસ્થા ન હોવા, પાર્કિંગ માટે બે કિલોમીટર દૂર ચાલવું પડતું હોવા અને આયોજનમાં જરૂરી સુવિધાઓનો અભાવ હોવાના આક્ષેપ કર્યા છે. ખેલૈયાઓના હોબાળા બાદ આયોજકો સ્થળ પરથી ફરાર થઈ ગયાનો પણ દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે, આ તમામ આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થવી જરૂરી છે. અમદાવાદમાં સફેદ પરિંદેના આયોજનને લઈને ફરી વિવાદ ઊભો થયો છે. ઊંચી કિંમતના પાસ વેચીને ખેલૈયાઓને **VVIP** સુવિધાઓ આપવાનો દાવો કરનારા આયોજકો સામે હવે સવાલો ઊઠી રહ્યા છે. પાસ માટે હજારો રૂપિયા ચૂકવવા છતાં અપેક્ષા મુજબની સુવિધાઓ ન મળ્યાનો આક્ષેપ ખેલૈયાઓ દ્વારા કરવામાં આવ્યો છે. આયોજનમાં પ્રવેશ માટે રોજના પ્રતિ વ્યક્તિ રૂ.૧૫ હજાર સુધીની કિંમતના પાસ વેચવામાં આવ્યા હોવાના દાવા વચ્ચે સુવિધાઓના અભાવને લઈને નારાજગી જોવા મળી રહી છે. ખેલૈયાઓના આક્ષેપ મુજબ, પાસ ખરીદતી વખતે જે સુવિધાઓ આપવાનું કહેવામાં આવ્યું હતું, તે સ્થળ પર ઉપલબ્ધ ન હતી.

સફેદ પરિંદેના આયોજનમાં નાસ્તા અને પાણી સહિતની સુવિધાઓ આપવાના દાવા કરવામાં આવ્યા હોવા છતાં ખેલૈયાઓને આ સુવિધાઓ મળી ન હોવાનો આરોપ છે. કેટલાક ખેલૈયાઓના જણાવ્યા અનુસાર, તેમણે પાસ માટે મોટી રકમ ચૂકવી હતી, પરંતુ પીવાના પાણી જેવી પાયાની સુવિધા માટે પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

આ ઉપરાંત, પાર્કિંગની વ્યવસ્થાને લઈને પણ સવાલો ઊઠ્યા છે. ખેલૈયાઓના દાવા મુજબ, વાહનો પાર્ક કર્યા બાદ કાર્યક્રમના સ્થળ સુધી પહોંચવા માટે આશરે બે કિલોમીટર ચાલીને જવું પડ્યું હતું. ઊંચી કિંમતના પાસ અને **VVIP** ટ્રીટમેન્ટના દાવા વચ્ચે આવી અસુવિધાઓને લઈને આયોજકો સામે નારાજગી વધી છે.

આયોજન દરમિયાન સુવિધાઓના અભાવને લઈને ખેલૈયાઓએ હોબાળો કર્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ખેલૈયાઓના આક્ષેપ મુજબ, લોકોની નારાજગી વધ્યા બાદ આયોજકો સ્થળ પરથી જતા રહ્યા હતા. જોકે, આયોજકો ખરેખર સ્થળ પરથી ફરાર થયા હતા કે નહીં, તેની સ્વતંત્ર પુષ્ટિ ઉપલબ્ધ નથી. બીજી તરફ, કેટલાક લોકોને ફ્રી પાસ આપીને વિરોધના અવાજને દબાવવાનો પ્રયાસ કરવામાં આવતો હોવાના પણ આક્ષેપો થયા છે. આ ગંભીર આક્ષેપોની સત્યતા અંગે સ્વતંત્ર તપાસ અને સંબંધિત પક્ષોનો ખુલાસો જરૂરી છે.સફેદ પરિંદેના આયોજનમાં પાસની ઊંચી કિંમત, સુવિધાઓના અભાવ અને ખેલૈયાઓની નારાજગીને લઈને હવે પ્રશાસનની ભૂમિકા અંગે પણ સવાલો ઊઠી રહ્યા છે. જો પાસ વેચતી વખતે દર્શાવેલી સુવિધાઓ આપવામાં આવી ન હોય, તો આયોજકોની જવાબદારી નક્કી કરવાની માગ ઊઠી શકે છે. હાલમાં ખેલૈયાઓ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો અંગે આયોજકોનો સત્તાવાર પક્ષની પ્રતિક્રિયા સામે આવે તે જરૂરી છે. ઊંચી કિંમતના પાસ ખરીદનારા લોકોને વચન મુજબની સુવિધાઓ મળી હતી કે નહીં, તે તપાસ બાદ જ સ્પષ્ટ થશે. આ મામલે હજુ સુધી આયોજક દ્વારા સત્તાવાર કરોઈ નિવેદન નથી આવ્યું

અમદાવાદના ડૉક્ટરને ડિજિટલ અરેસ્ટ કરી ૮ કરોડથી વધુની ઠગાઈ

અમદાવાદ,

અમદાવાદના ૮૮ વર્ષીય વૃદ્ધ ડૉક્ટરને ઈડ્ઢ અને ક્રાઈમ બ્રાન્ચના નામે ધમકાવીને ડિજિટલ અરેસ્ટ કરી રૂ.૮.૦૫ કરોડથી વધુની મકાન-શેર વેચાણની રકમ પડાવી લેવાના બહુચર્ચિત ગુનામાં સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપી અલ્તાફ ઉર્ફે અલ્તાફ મેમણ હબીબભાઈ પીઠડીયાને સુરતના ઉધના દરવાજા નજીકથી પકડી પાડવામાં આવ્યો છે.

અમદાવાદના બોડકદેવ/પાલડી વિસ્તારના જાણીતા ૮૮ વર્ષીય ડૉ. હેમંત ભાસ્કરરાવ ઠાકોરને ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન અજાણ્યા નંબરો પરથી વોટ્સએપ કોલ આવ્યા હતા. ઠગોએ પોતાની ઓળખ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED) મુંબઈના અધિકારી તરીકે આપી હતી.

ઠગોએ ડૉક્ટરને ડરાવતા કહ્યું કે, ×જેટ એરવેઝના નરેશ ગોયલ મની લોન્ડરિંગ કેસની તપાસમાં તમારા કેનરા બેંક એકાઉન્ટમાં રૂ.૫ લાખ જમા થયા છે અને તમે દેશવિરોધી ક્રાઈમ સાથે જોડાયેલા છો.× આ સાથે જ દિલ્હી કોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસના નામના બનાવટી પત્રો, બનાવટી ડેબિટ કાર્ડ અને સરકારી સીલ વાળા લેટર્સ વોટ્સએપમાં મોકલી તેમને માનસિક તણાવમાં મૂકી દીધા હતા.

આરોપીઓએ ડૉક્ટરને ×આ દેશવિરોધી ગંભીર કેસ છે, કોઈને વાત કરશો તો ૪૦ દિવસ માટે જેલમાં જવું પડશે× તેવી ધમકી આપી વીડિયો કોલ પર ૨૪ કલાક નજર હેઠળ રાખ્યા હતા (ડિજિટલ અરેસ્ટ). ત્યારબાદ તેમના ડિમેટ એકાઉન્ટમાં રહેલા શેર વેચાવીને તથા બેંક એકાઉન્ટમાંથી **RTGS** મારફતે અલગ-અલગ ૭ ટ્રાન્ઝેક્શનથી કુલ રૂ.૮,૦૫,૫૦,૦૦૦ (આઠ કરોડ પાંચ લાખ પચાસ હજાર) મેળવી લઈ ઠગાઈ આચરી હતી.

સુરત શહેર પોલીસની ટીમ સર્વેલન્સમાં હતી ત્યારે મળેલી સચોટ બાતમીના આધારે ઉધના દરવાજા ચાર રસ્તા નજીકથી આરોપી અલ્તાફ ઉર્ફે અલ્તાફ મેમણ(ઉં.વ.૩૭, રહે. સેળાવદર-તળાજા, ભાવનગર/હાલ રહે. ઉનગામ, સુરત)ને ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપીનો કબજો આગળની કાર્યવાહી માટે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, પકડાયેલા આરોપી સામે હરિયાણાના ગુરુગ્રામ સાયબર ક્રાઈમ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં પણ એક વૃદ્ધ ડૉક્ટર સાથે રૂ.૩.૦૩ કરોડની ડિજિટલ અરેસ્ટ ઠગાઈનો ગુનો નોંધાયેલો છે.

યાદ રાખો કોઈપણ સરકારી એજન્સી (જેમ કે **CBI, ED,** કે પોલીસ) ક્યારેય વોટ્સએપ કે વીડિયો કોલ પર ડિજિટલ અરેસ્ટ કરતી નથી કે નાણાંની માંગણી કરતી નથી. જો કોઈ તમને વીડિયો કોલ પર પોલીસ કે સરકારી અધિકારીની ઓળખ આપી પૈસા માગે, તો તુરંત જ નજીકના પોલીસ સ્ટેશન અથવા ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન પર સંપર્ક કરો.

લોરિયલ કંપનીની ₹.૯૦ લાખની નકલી કોસ્મેટિક પ્રોડક્ટ્સ પકડાઈ

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ શહેરમાં શુદ્ધ ઘી અને ખાણીપીણીની વસ્તુઓ હોય કે પછી ઘરવખરીની વસ્તુઓ હોય તમામ વસ્તુઓ ડુપ્લિકેટ મળી રહે છે ત્યારે ઘી કાંટા રોડ પરની બે કોસ્મેટિક શોપમાં પોલીસ દરોડો પાડી લોરિયલ અને મેટ્રિક્સ કંપનીની નકલી કોસ્મેટિક પ્રોડક્ટ્સનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે બંને દુકાનોમાંથી ₹.૯૦ લાખની કિંમતની ૧,૨૨૧ નંગ બનાવટી પ્રોડક્ટ્સ જપ્ત કરી છે. આ મામલે બન્ને દુકાન સંચાલકો સામે કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.નવી દિલ્હી ખાતે આવેલી લોરિયલ કંપનીના અધિકૃતને અમદાવાદમાં કંપનીના નામે નકલી કોસ્મેટિક પ્રોડક્ટ્સનું વેચાણ થતું હોવાની બાતમી મળી હતી. આ માહિતીને આધારે સ્થાનિક પ્રતિનિધિ અને એસઓજી ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર એ.બી.ભટ્ટ પીએસઆઈ એ.એ.વ્યાસની ટીમે દરોડા પાડી તપાસ શરૂ કરી હતી. ઘી કાંટા રોડ પર પંચભાઈની પોળ પાસે આવેલી માય બ્યુટી સેન્ટરમાં તપાસ કરતાં સંચાલક યશ પ્રભુલાલ ઠક્કર(ઉં.વ. ૩૦, રહે. બોપલ) પાસેથી શેમ્પૂ, ક્રીમ, ડેવલપર અને માસ્ક સહિત રૂ. ૪.૪૪ લાખની કિંમતની ૭૭૫ નંગ નકલી પ્રોડક્ટ્સ મળી આવી હતી.બીજી તરફ, પાંચુ મીયાંના ડહેલા પાસે આવેલી લક્ષ્મી બ્યુટી શોપમાંથી સંચાલક ઋષભ રાજેન્દ્રભાઈ અગ્રવાલ (ઉં.વ. ૨૯, રહે. બાપુનગર) પાસેથી રૂ. ૨.૪૬ લાખની કિંમતની ૪૪૬ નંગ બનાવટી પ્રોડક્ટ્સ જપ્ત કરવામાં આવી હતી.

બંને સ્થળેથી મળેલા જથ્થાની કુલ કિંમત રૂ. ૬.૯૦ લાખ થાય છે. પોલીસે પ્રોડક્ટ્સનાં સેમ્પલ લઈ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં યશ ઠક્કરે મુંબઈના કોફર્ડ માર્કેટમાં આવેલી નવ્યા એન્ટરપ્રાઈઝિસના માલિક દિનેશભાઈ પાસેથી યશ ટ્રાન્સપોર્ટ મારફતે માલ મગાવતો હોવાનું જણાવ્યું હતું જ્યારે ઋષભ અગ્રવાલે કોફર્ડ માર્કેટમાં આવેલી આર.કે. બ્યુટીના માલિક વિજયભાઈ પાસેથી મુંબઈ જઈ માલ ખરીદ્યો હોવાનું જણાવ્યું હતું.આ ઉપરાંત, બંને વેપારીઓ અમદાવાદના નારણપુરા સ્થિત ક્રિષ્ના એન્ટરપ્રાઈઝના સેલ્સમેન લક્ષ્મણભાઈ પાસેથી પણ નકલી માલની ડિલિવરી મેળવતા હોવાની વિગતો સામે આવી છે. આ પ્રોડક્ટ્સ સ્થાનિક ગ્રાહકોને છૂટકમાં વેચવામાં આવતી હોવાની માહિતીના આધારે પોલીસે સપ્લાય ચેઈન અને અન્ય સંડોવાયેલા લોકોની ભૂમિકા અંગે વધુ તપાસ શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં તમામ વસ્તુઓ ડુપ્લિકેટ મળતી હોવાથી પોલીસ ઉપરાંત મહાનગરપાલિકા અને અન્ય એજન્સીઓ પણ તપાસ કરી રહી છે. છેલ્લા એકાદ વર્ષમાં કરોડો રૂપિયાની ડુપ્લિકેટ વસ્તુઓ કબજે કરવામાં આવી છે.

ગુજરાતના ખેડૂતો વીજકાપ અને સિંચાઈ સમસ્યાઓથી પરેશાન

ગાંધીનગર,

ગુજરાતમાં ખેડૂતો હાલ વીજકાપ અને સિંચાઈ સંબંધિત અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, જેના કારણે તેમની હાલત દયનીય બની છે.

આ મુદ્દે ભારતીય કિસાન સંઘે રાજ્ય સરકારને આકરા પ્રશ્નો પૂછ્યા છે. કિસાન સંઘે ખાસ કરીને કહેવાતા ખેડૂત આગેવાનો અને ધારાસભ્યો ક્યાં છે તે અંગે સવાલ ઉઠાવ્યો છે, કારણ કે ખેડૂતોની વર્તમાન સ્થિતિ પર તેમનું મૌન જોવા મળી રહ્યું છે. કિસાન સંઘે નર્મદા ડેમમાંથી તળાવો ભરવાની કામગીરી તાત્કાલિક શરૂ કરવાની જરૂરિયાત વ્યક્ત કરી છે, જેથી સિંચાઈની સમસ્યા હળવી થઈ શકે. આ ઉપરાંત, શહેરોમાં વીજળીનો નિયમિત પુરવઠો મળતો હોવા છતાં ગામડાઓમાં જ શા માટે વીજકાપ કરવામાં આવે છે, તેવો સવાલ પણ ઉઠાવવામાં આવ્યો છે.

કલ્ચરલના ગરબામાં છઠ્ઠા નોરતે લોકસંસ્કૃતિની રંગત અને કલાના વૈભવનો અનોખો સંગમ



ગાંધીનગર,

ગાંધીનગર કલ્ચરલ ફોરમના પરંપરાગત નવરાત્રી મહોત્સવમાં છઠ્ઠા નોરતે ખેલૈયાઓનો ઉત્સાહ ચરમસીમાએ જોવા મળ્યો હતો. માતાજીની ભક્તિ, ગુજરાતી લોકસંસ્કૃતિ અને પરંપરાગત ગરબાના આગવા લય સાથે કલ્ચરલનું વિશાળ ગરબા પ્રાંગણ ઉત્સાહ અને ઉમંગથી છલકાઈ ઊઠ્યું હતું. મધરાત સુધી રાસ-ગરબાની રમઝટ અને મધરાતથી પરોઢ સુધી મંડળી ગરબાની ધમાકેદાર રંગત કલ્ચરલના ગરબાની વિશિષ્ટ ઓળખ બની રહી છે. પરંપરાગત ગરબાની આ આગવી શૈલી માણવા મોટી સંખ્યામાં ઉમટેલા ખેલૈયાઓએ મન મૂકીને ગરબે ઘૂમી નવરાત્રીના છઠ્ઠા નોરતાને યાદગાર બનાવ્યો હતો.

છઠ્ઠા નોરતે ગુજરાત રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર તથા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા કલ્ચરલના ગરબા માણવા પધાર્યા હતા. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના મુખ્ય સરકારી વકીલ શ્રી હિતેશભાઈ રાવલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાહિત્ય અને શિક્ષણજગતના મહાનુભાવોની ઉપસ્થિતિએ પણ આ સાંજને વિશેષ ગૌરવ અપાવ્યું હતું. પૂર્વ ધારાસભ્ય શ્રી પૂનમભાઈ મકવાણા, સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના સેક્રેટરી શ્રી વરુણ ગુલાટી, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને જાણીતા કવિ શ્રી ભાગ્યેશ જહા, ગુજરાત સાહિત્ય અકાદમીના સચિવ ડૉ. જયેન્દ્રસિંહ જાદવ તથા ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના પૂર્વ કુલપતિ ડૉ. ચેતનભાઈ ત્રિવેદી પણ કલ્ચરલના ગરબા માણવા પધાર્યા હતા. મહાનુભાવોએ ગુજરાતી લોકસંસ્કૃતિની જીવંત પરંપરા અને ખેલૈયાઓના ઉત્સાહનો અનુભવ કર્યો હતો.

છઠ્ઠા નોરતાની વિશેષ આકર્ષણરૂપે કલ્ચરલ ફોરમના ગરબા પ્રાંગણમાં કલાત્મક પ્રસ્તુતિઓનો અનોખો અવસર સર્જાયો હતો. ગાંધીનગર જિલ્લા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધામાં રાસની સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થયેલા શ્રી ધીરજભાઈ રાઠોડના પ્રારંભ કલાવૃંદના યુવાનોએ 'મણિયારો' રાસની ઉત્કૃષ્ટ પ્રસ્તુતિ કરી હતી. પરંપરાગત રાસની લય, તાલબદ્ધ હિલોળા અને કલાકારોની સુમેળભરી રજૂઆતથી ઉપસ્થિત જનમેદની મંત્રમુગ્ધ બની હતી. ગુજરાતી લોકનૃત્યની સમૃદ્ધ પરંપરાને ઉજાગર કરતી આ પ્રસ્તુતિને દર્શકોએ હર્ષોલ્લાસ સાથે વધાવી લીધી હતી.

આ ઉપરાંત પનઘટ કલા કેન્દ્રની નાની-નાની બાળાઓએ પ્રાચીન ગરબા 'રાણો અર્ચીધો...'ની મનમોહક પ્રસ્તુતિ કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. કલા મહાકુંભમાં પણ પ્રસ્તુત થયેલો આ ગરબો મૂળ પનઘટ કલા કેન્દ્રનું સર્જન છે. આ વિશિષ્ટ પ્રસ્તુતિએ સોશિયલ મીડિયા પર પણ ભારે લોકપ્રિયતા મેળવી છે અને સેન્સેશન સર્જ્યું છે. નાની બાળાઓની સુંદર રજૂઆતમાં પ્રાચીન ગરબાની પરંપરા, લોકસંગીતની મીઠાશ અને ગુજરાતી સંસ્કૃતિની આગવી ઓળખનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. બંને કલાત્મક પ્રસ્તુતિઓને ઉપસ્થિત જનમેદનીએ તાળીઓના ગડગડાટ અને હર્ષોલ્લાસથી વધાવી હતી. આ પ્રસ્તુતિઓએ સાબિત કર્યું હતું કે પરંપરાગત લોકકલા આજે પણ નવી પેઢીને આકર્ષિત કરવાની અને લોકહૃદયમાં સ્થાન મેળવવાની ક્ષમતા ધરાવે છે. છઠ્ઠા નોરતાની સંગીતમય સાંજને વધુ યાદગાર બનાવતાં ઉત્તર ગુજરાતનાં કોકિલકંઠી ગાયિકા અભિતા પટેલે પોતાના સુમધુર કંઠે ગરબાની રમઝટ બોલાવી હતી. તેમની ઊર્જાસભર ગાયકી અને લોકપ્રિય ગરબાની રજૂઆતથી ખેલૈયાઓમાં નવો ઉત્સાહ સંચારાયો હતો. સંગીતના સૂર અને તાલ સાથે પરંપરાગત ગુજરાતી પોશાકમાં સજ્જ ખેલૈયાઓએ મન મૂકીને ગરબે ઘૂમીને સમગ્ર વાતાવરણને ઉત્સવમય બનાવ્યું હતું. મધરાત સુધી રાસ-ગરબાની રંગત જામી રહી હતી અને ત્યારબાદ મંડળી ગરબાની પરંપરાએ ખેલૈયાઓને પરોઢ સુધી લોકસંસ્કૃતિના તાલે જોડાયેલા રાખ્યા હતા.

નવરાત્રીના છઠ્ઠા નોરતે યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં પણ ખેલૈયાઓએ પોતાની પ્રતિભા, નૃત્યકૌશલ્ય અને આકર્ષક પોશાકથી ઉપસ્થિત સૌનું ધ્યાન ખેંચ્યું હતું. બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સેસ તરીકે નંદીની પટેલ અને બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સ તરીકે હર્ષિલ ત્રિવેદી વિજેતા બન્યાં હતાં. બેસ્ટ પેર કેટેગરીમાં જીનલ દખણી અને રેવા ઠક્કરની જોડીએ વિજય મેળવ્યો હતો. જ્યારે બેસ્ટ ક્વીન તરીકે અંકિતા પટેલ અને બેસ્ટ કિંગ તરીકે નિશાંત ચાવડા વિજેતા જાહેર થયાં હતાં. બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ તરીકે શિલ્પા ગોહિલ અને બેસ્ટ ડ્રેસ પ્રિન્સ તરીકે પ્રેમ શાહ વિજેતા બન્યાં હતાં.

આમ, ગાંધીનગર કલ્ચરલ ફોરમના નવરાત્રી મહોત્સવના છઠ્ઠા નોરતે ભક્તિ, લોકસંગીત, પરંપરાગત રાસ-ગરબા અને કલાત્મક પ્રસ્તુતિઓનો અદભુત સંગમ સર્જાયો હતો. રાજ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ, પ્રારંભ કલાવૃંદનો 'મણિયારો' રાસ, પનઘટ કલા કેન્દ્રની બાળાઓનો 'રાણો અર્ચીધો...' ગરબો અને અભિતા પટેલની સુમધુર ગાયકી આ રાત્રિનાં મુખ્ય આકર્ષણો રહ્યાં હતાં. ત્રણ દાયકાથી વધુ સમયથી ગુજરાતી લોકસંસ્કૃતિનું જતન કરતી કલ્ચરલ ફોરમની નવરાત્રી માત્ર ઉત્સવ નહીં, પરંતુ પરંપરાગત કલા, નવી પેઢીની પ્રતિભા અને સામૂહિક સાંસ્કૃતિક ચેતનાને એક મંચ પર લાવતી જીવંત પરંપરા બની રહી છે. છઠ્ઠા નોરતાની આ રંગતથી આગામી નોરતાઓ માટે પણ ખેલૈયાઓ અને ગરબાપ્રેમીઓમાં ઉત્સાહનો નવો સંચાર થયો હતો.

લાઘવિકા /શીર્ષક : નિર્ણય તારા હાથમાં

સુંદરપુર નામે એક ગામ, ત્યાં એક જ્ઞાની બાબા રહેતાં. તેમનાં આશીર્વચનનો ખૂબ મહિમા હતો. તેઓ કોઈ ચોક્કસ ધર્મનાં આગ્રહી નહોતા - સર્વ ધર્મ પ્રત્યે સમભાવની દૃષ્ટિ ધરાવતા.

દરેક ધર્મ સંપ્રદાયમાંનાં સત્વને રોજબરોજનાં જીવનમાં અપનાવવાથી તનમનની સ્વસ્થતા પ્રાપ્ત કરી શકાય છે તેવું તેમણે અનુભવની એરણે સિદ્ધ કરેલ. કોઈપણ બીમારીનાં ઈલાજમાં જે તે ધર્મનાં વૈજ્ઞાનિક પાસાનું અનુસરણ જ તેમની લાક્ષણિકતા!!

અમુક, જેઓ ચુસ્ત રીતે પોતાનો ધર્મ સંપ્રદાય પાળતાં તેઓ તેમનાંથી દૂર રહેતાં પણ ક્યારેક પોતાની ગરજે તેમને આંગણે જઈ ચડતાં. એક દિવસ ભીમજી નામનો માણસ ત્યાં જઈ ચડ્યો અને પોતાની બીમારીઓ વિષે જણાવ્યું.

બાબાએ ખાનપાન, જપ, ધ્યાન, ભજન વગેરેનાં ક્રમ / પ્રકારનાં નિયમો સૂચવ્યા. આ સાંભળીને ભીમજી મૂંઝાયો અને બાબાને કીધું કે, આટલું અલગ અલગ મારાથી થશે નહીં. કોઈ એક પ્રકાર સૂચવો.

બાબાએ થોડું વિચારતાં કહ્યું, ઠીક છે, એક પડીકી આપું

છું, ખાઈને પંદર દિવસ પછી આવજે.

પંદર દિવસ બાદ ભીમજી, પહેલાં કરતાં વધું ફરિયાદ લઈ આવ્યો અને બાબાએ ફરી પડીકી આપી.

ભીમજી બીજે દિવસે પાછો આવ્યો અને ગુસ્સામાં બોલવા લાગ્યો, બાબા, તમે એકની એક પડીકી ફરીવાર આપી. દરેક દર્દ માટે તમે એક જ પડીકી આપો તો ઠીક કેવી રીતે થાય. લોકોનો કઈ રીતે ઈલાજ કરો છો? બેવકૂફ બનાવો છો બધાંને.

બાબા ખૂબ જ શાંતિથી બોલ્યાં, બેટા, હું તો તને પડીકી આપવાં જ નહોતો માંગતો એટલે મે વગર દવાનાં સાત્વિક ઉપાયો બતાવ્યા, પણ એમાં તને તારો ધર્મ અભડાઈ જવાનો ડર લાગ્યો! જેમ એક પડીકીએ બધી બીમારી ઠીક ન થાય તેમ કોઈ એક ઉપાય કે એક પ્રકારે તારી બીમારી ઠીક નહીં થાય. હવે નિર્ણય તારા હાથમાં. એવું કહેતાં બાબા ધ્યાનમગ્ન થઈ ગયાં અને ભીમજીનું ધ્યાન બાબાએ સૂચવેલાં વિવિધ ઉપાયો તરફ ફંટાયું.

કહેવત

એક તીર બે નિશાન

સ્વર્ગલોકમાં વિશેષ ચહલપહલ જણાતાં પ્રભુએ સેવકરામને પૂછ્યું, આજે સ્વર્ગલોકનું વાતાવરણ કંઈક અલગ લાગી રહ્યું છે, કોઈ ઉત્સવ કે ઉજવણી જેવું કાંઈ છે?

પ્રભુ, પૃથ્વીલોક પર સુંદર કાર્યો કરનાર વ્યક્તિઓ આજે સ્વર્ગમાં પધારેલ છે. તેમની આગતા સ્વાગતા માટે સેવકગણ ઉત્સાહ સાથે કાર્ય કરી રહ્યાં છે. સેવકરામ ચોખવટ કરતાં બોલ્યાં.

થોડા દિવસ બાદ પ્રભુ, સ્વર્ગલોકમાં બધું બરાબર ચાલે છે કે નહીં તેની તપાસ કરી રહ્યાં હતાં ત્યાં તેમની નજર એક સુંદર સુશીલ વ્યક્તિ ઉપર પડી જેઓ એંઠા વાસણ સાફ કરી રહ્યાં હતાં.

પ્રભુથી રહેવાયું નહીં ને તેમણે સેવકરામને ઉગ્રતા સાથે પૂછ્યું,

સેવક, આ વ્યક્તિની ગણના પૃથ્વીલોકનાં પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકેની હતી, તેમનાં કાર્યો બદલ સ્વર્ગમાં સ્થાન મળ્યું અને આજે તેઓ લોકોનું એંઠું સાફ કરે છે. આવો અન્યાય કેમ?



સેવકરામ હાથ જોડતાં બોલ્યાં, પ્રભુ, સ્વર્ગમાં પણ આપણે લોકોને કાર્ય તો સોંપીએ જ છીએ. હવે આ વ્યક્તિની એક ખરાબ આદત હતી. તેઓ હંમેશા થાળી ભરી પીરસાવે પણ જમે અડધાથી પણ ઓછું.. બાકીનું કચરામાં જાય અને આ વાતનો તેમને ક્યારેય અફસોસ થતો નહીં. અન્નપાણીનો બગાડ આ સૃષ્ટિ માટે પ્રાણઘાતક સમું કૃત્ય ગણાય. આ બદલ તો તેમને નર્કમાં સ્થાન મળવું જોઈએ. અહીં સ્વર્ગમાં કેમ લાવવામાં આવ્યાં? પ્રભુ ક્રોધિત થતાં બોલ્યાં.

પ્રભુ, આ વ્યક્તિએ અન્નનાં કણની તો કદર ન કરી સાથે અહમનો એક કણ પણ સ્વથી છૂટો ન પાડ્યો! નર્કમાં ગમે તેટલો સમય ગાળત, તો પણ તેમનું અભિમાન ગળે તેમ નહોતું. સ્વર્ગમાં તેમની સમકક્ષ લોકો રહે છે અને તેમનાં એંઠા વાસણ ધોવા પડે છે તેનાથી બીજું ક્ષોભજનક બીજું શું હોઈ શકે? નર્ક કરતાં પણ બદતર અનુભૂતિ થઈ રહી છે તેમને. અહીંયા તો વાસણની સાથે તેમનો અહમ પણ ધોવાઈ રહ્યો છે.

વાહ! સેવકરામ, એક તીર બે નિશાન!

હા પ્રભુ! ઘણાં મનોમંથન પછી જે યોગ્ય લાગ્યું તે કર્યું.

આજે વાસણ સાફ કરતી વેળા થોડાંક અન્નનાં દાણા કૂડાપાત્રમાં ઠલવાય છે ત્યારે તેમને તેમની ભૂલ સમજાય છે. કેટકેટલાં લોકો પેટભર જમી શકે તેટલાં અન્નનો બગાડ તેમનાં ખાતે લખાયો છે તે આ સેવાકર્મ દ્વારા ભૂંસાતો જશે.

સેવકરામ હળવા સ્મિત સાથે બોલ્યાં.

વાહ! સેવકરામ તારી દીર્ઘદૃષ્ટિ ઉપર માન થાય છે. તું છે એટલે મારે કોઈ ચિંતા નથી.

આમ કહેતાં પ્રભુ પોતાનાં શયનકક્ષમાં નિરાંતે પોઢી ગયાં!

ફાલ્ગુની યતીન મહેતા (મુંબઈ)

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

18-10-2026_41 Jan Fariyad_New_P-2